ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ભરતભાઈ વી સોની
(૨૨-૮-૧૯૫૩)
મો. ૯૮૭૯૫ ૨૦૧૯૦



સુશીલાબેન કે ભાવસાર
(૨૨-૮-૧૯૩૮)
મો. ૯૭૨૩૬ ૭૧૫૫૪



હરીશકુમાર શ્રીમાળી
ઓડિટર, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ
(૨૨-૮-૧૯૭૯)



લક્ષ્મણભાઈ એચ કંસારા
(૨૨-૮-૧૯૬૭)
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અંતરિયાળ વિસ્તારમાં સેવાકાર્ય





ગાંધીનગર, તા. ૨૧

નગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોક અને ખારી ગામ પાસે ૧૬૦ વૃધ્ધ નિરાધારોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ચવાણું, દૂધીનાં બી પણ આપવામાં આવ્યા હતા તથા મેલેરિયા અને સ્વાઈન ફ્લુ જેવી બીમારીઓ અંગે તેમને આરોગ્ય કર્મચારી ભીમજી ગામેતી દ્વારા વિગતવાર સમજ આપવામાં આવી હતી.

ખારી નિશાળનાં બાળકોને દેશભક્તિ ગીત શીખવી મિલિંદભાઈ ગુપ્તેએ ચોપડાનું વિતરણ કર્યું હતું. બપોરના સમયે નવાગામ, રંગપુર, ઓઠાપહાડીયા, મોટા સામેરાનાં બાળકોને કંપાસ, પેન, પેન્સિલ, ટોવેલ વિગેરે આપ્યા હતા. રંગપુરનાં બાળકોએ જીવંત પિરામીડનું નિદર્શન કરી સંસ્થાના સભ્યોનાં મન મોહી લીધાં હતાં. સાથે આવનાર એસબીઆઈના નિવૃત્ત અધિકારી રીંડાની તથા પંજવાની તો બાળકોથી અભિભૂત થઈ ગયા હતા.

ગળપુરમાં તમામ બાળકોને નવાં કપડાં તથા અણસોલમાં નાસ્તો આપવામાં આવ્યો હતો. રાધે સ્વીટ તરફથી ૨૦૦ પેકેટ ચવાણું તથા ઘનશ્યામભાઈ વ્યાસ તરફથી ટોવેલ સંસ્થાને સેવાકાર્ય માટે પ્રાપ્ત થયા હતા. ઉપરાંત બજરંગ કિરાણા સ્ટોર તરફથી ૮૦ પેકેટ નાસ્તો તેમજ ટુડે તરફથી બોલપેન પણ આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થઈ હતી.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓમાં કૉર્પોરેટ પ્રેક્ટીસ માટે સુસજ્જતા

ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી પી કૉલેજ ઑફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા ફાઈનલ યર બીબીએના વિદ્યાર્થીઓ માટે કૉર્પોરેટ પ્રેક્ટીસની સુસજ્જતા કેળવાય તે હેતુથી ૩૦ દિવસની ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રેનીંગ ગાંધીનગર સ્થિત પ્રતિષ્ઠિત કંપની ટીસીએસ દ્વારા સંયોજન કરવામાં આવી રહ્યું છે.

બીબીએ કૉલેજના કેમ્પસમાં જ રોજ બપોરે ૧ વાગ્યાથી લઈને ૪ વાગ્યા સુધી આ તાલીમ આપવામાં આવે છે. કુલ ૪૭ વિદ્યાર્થીઓ રોજ આ ટ્રેનીંગ મેળવી રહ્યા છે.

ટ્રેનીંગના ભાગરૂપે તા. ૧૯, ૨૦ અને ૨૧ના રોજ મોક ઈન્ટર્વ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કૉર્પોરેટ ક્ષેત્રની સુસજ્જતા કેળવવી, વિદ્યાર્થીઓ કેવી રીતે ઈન્ટર્વ્યૂમાં પ્રશ્નોના જવાબ આપે તે ઉપરાંત કૉર્પોરેટ ક્ષેત્રની રોજની કામગીરીમાં તેમણે કેવા પ્રકારની કમ્યુનિકેશન સ્કીલ, પ્રેઝન્ટેશન સ્કીલ, કૉન્ફિડન્સ લેવલ, લોજીકલ થિંકીંગ વિકસે તે છે.

૩૦ દિવસના આ ટ્રેનીંગ કાર્યક્રમના સંચાલનમાં કૉલેજના પ્રાધ્યાપકો ડૉ. જયેશ તન્ના, પ્રૉ. માર્ગી દેસાઈ તેમજ પ્રૉ. આશિષ ભાવે જોડાયા છે. ટીસીએસ તરફથી બે ટ્રેનર્સ આ તાલીમ આપી રહ્યા છે.

આ તાલીમની સાથે સાથે કૉલેજ દ્વારા તેમના પૂર્વ વિદ્યાર્થીઓ માટે પણ એક નિઃશુલ્ક તાલીમનું આયોજન થયું છે, જેમાં છેલ્લાં બેથી ત્રણ વર્ષમાં બીબીએ પાસ થયેલા વિદ્યાર્થીઓને ટીસીએસ દ્વારા રોજ સવારે ૯થી ૪ વાગ્યા સુધી તાલીમ આપવામાં આવે છે.

# આજે સેક્ટર-૧૪માં ભીમ કથા

ગાંધીનગર, તા. ૨૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ તથા જનકલ્યાણ સેવા પરિષદ દ્વારા સેક્ટર-૧૪માં સ્થિત જય અંબે મંદિર ચોક, ગાંધીનગર ખાતે શનિવાર, તા. ૨૨ ઑગષ્ટના રોજ કથાકાર આનંદ દ્વારા ભીમ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભીમ કથાનું રસપાન કરવા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિના પ્રમુખ પિનાકીન નાથાલાલ, મહામંત્રી હરગોવિંદભાઈ મકવાણા તથા પરિષદના પ્રમુખ દિલીપભાઈ ધારવાએ સૌ ભીમભક્તોને નિમંત્રણ પાઠવ્યું છે. કથા અંતર્ગત ડૉ. ભીમરાવ આંબેડકરના જીવન પ્રસંગો શ્રોતાઓ સમક્ષ વર્ણવવામાં આવશે તથા તેમના સંદેશને યાદ કરવામાં આવશે.

# વિદ્યાર્થીઓને કાવ્યરચના લેખનકાર્ય માટે તાલીમ આપવામાં આવી



ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, સેક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તેમજ શિબિરાર્થીઓ કાવ્યરચનાનું લેખનકાર્ય કરે તે હેતુથી આજે એક કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલે સાહિત્યકાર શ્રી મોહનલાલ પટેલના જીવન અને સાહિત્ય વિશેની માહિતી આપી સાહિત્ય વર્તુળના ઉદ્દેશો જણાવ્યા હતા. ત્યારબાદ પ્રૉ. નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાન કવયિત્રી સ્વાતિબેન શુક્લનો પરિચય આપી કવિતાક્ષેત્રે તેમણે આપેલા પ્રદાનની માહિતી આપી હતી. સ્વાતિબેને કવિતા એટલે શું ? કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વિગેરે વિશે જીણવટપૂર્વક માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમજ પોતાની સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, ભરત કવિ, પત્રકારત્વ વિભાગના મિતેષભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના નાટ્ય કલાકારો દ્વારા ભારત ભાગ્યવિધાતા નાટકની અસરકારક રજૂઆત




ગાંધીનગર, તા. ૨૧

ભારતીય બંધારણના ઘડવૈયા અને જેમની ૧૨૫મી જન્મજયંતિ દેશમાં ઉજવાઈ રહી છે એવા ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન પર આધારિત નાટક ભારત ભાગ્યવિધાતાની પ્રભાવી રજૂઆત ગાંધીનગરના અદાકારો દ્વારા રાજ્યભરમાં કરવામાં આવી રહી છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સૌજન્યથી નેહા આર્ટ ગૃપ, અમદાવાદના બૅનર તળે ગાંધીનગરના નાટ્ય કલાકારો આ નાટકનું મંચન કરી પ્રેક્ષકોની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી રહ્યા છે.

ગત તા. ૧૫ના રોજ તાલુકા પંચાયત હૉલ, પાદરા ખાતે આ નાટ્યનો શો યોજવામાં આવ્યો હતો, જ્યાં ઉપસ્થિત પ્રેક્ષકોએ કલાકારોને રીતસરના વધાવી લીધા હતા. તાલુકા પંચાયત પ્રમુખ કાન્તાબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

એ પછી તા. ૧૭ અને ૧૮ ઑગષ્ટના રોજ અનુક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, બગસરા અને વાલ્મિકી સમાજની વાડી, સોમનાથ (પ્રભાસ પાટણ) ખાતે આ નાટકના શો યોજાયા હતા, જ્યાં ભરચક્ક મેદનીએ તાળીઓના ગડગડાટથી નાટક અને અદાકારોને વધાવી લીધા હતા.

નેહા રાવલના દિગ્દર્શન અને મૌલિક શ્રીમાળીના સહદિગ્દર્શનમાં ફાલ્ગુન નંદા, કુહૂ શાહ, અભિલાષ શાહ, પ્રફુલ્લા ખંધડિયા, આકાશ શાહ અને કુંતલ નિમાવત દ્વારા આ નાટકમાં જાનદાર અભિનય આપવામાં આવ્યો છે, જેને પ્રેક્ષકો ખૂબ વખાણી રહ્યા છે.

'ભારત ભાગ્યવિધાતા' નાટક માટેનું સંગીત પણ ગાંધીનગરના કલાકાર દિવ્યકાન્ત વર્માએ તૈયાર કર્યું છે. નાટકમાં નેપથ્યની જવાબદારી ગુંજન અગ્રવાલ સંભાળી રહ્યા છે.

નાટકના છેલ્લા બંને શોમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉચ્ચ અધિકારી પ્રવીણભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ નાટક પ્રત્યે પોતાનો સંતોષ વ્યક્ત કરતાં સઘળા અદાકારોની પીઠ થાબડી હતી.



## સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વેલ
૬.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨**
ઑલ ઈઝ વેલ
૧૨.૪૫, ૩.૩૦
માંઝી
૭.૦૦
બ્રધર્સ
૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
ફેન્ટાસ્ટીક ફોર (અંગ્રજી)
૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
દૃશ્યમ
૧.૦૦, ૧૦.૦૦
માંઝી
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૩.૪૫
**સ્ક્રીન-૫**
ઑલ ઈઝ વેલ
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૧૨.૩૦, ૬.૪૫
માંઝી
૪.૦૦, ૧૦.૦૦

## સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વેલ
સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
માંઝી : ધ માઉન્ટેન મૅન
સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી
૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦
**સ્ક્રીન-૩**
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
સવારે ૯.૪૫
બજરંગી ભાઈજાન
૧૨.૦૦
દૃશ્યમ
૩.૧૦, ૯.૫૦
બાહુબલિ
૬.૩૦
**સ્ક્રીન-૪**
બ્રધર્સ
૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
૧૨.૪૫, ૭.૧૫

## ખીમજી વિસરામ હોલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સહચિંતન બેઠક અન્વયે 'મા-બાપ તરીકે હું શું કરીશ ?' વિષયે ડૉ. ભદ્રાયુ વછરાજાનીનું વક્તવ્ય, સવારે ૯ કલાકે.

## પુસ્તકના દિવાના કુમુદચંદ્ર ઠાકરનો અનોખો જ્ઞાનયજ્ઞ

# વાવોલ ગામમાં મફત પુસ્તકાલયનો પ્રારંભ

'પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરીય રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે. જે સુખ તમને અનંત સમૃદ્ધિ અને મહેલોમાં નહીં મળે તે સુખ તમને ઉત્તમ પુસ્તકોમાંથી મળશે.'

સ્વામી વિવેકાનંદના આ વાક્યને અનેક પુસ્તકપ્રેમીઓએ અનુભવ્યું છે અને એટલે જ કદાચ આ દુનિયામાં પુસ્તકો જીવી રહ્યાં છે. કારણ કે એમને વાંચનારા એમના સાચા પ્રેમીઓ આ દુનિયામાં છે. જે પુસ્તકના પ્રેમીઓ છે તેઓ પુસ્તકો વાંચે છે અને જે પુસ્તકના દિવાનાઓ છે એ પુસ્તક વંચાવે છે. જી હા, આ દુનિયામાં એવાય નરબંકાઓ છે જે માત્ર વાંચતા નથી પરંતુ બીજા વાંચે એવુંય કરે છે. આવા જ એક નરબંકા એટલે વાવોલ ગામની સૌથી જૂની સોસાયટી - વિજય ઍપાર્ટમેન્ટના રહેવાસી કુમુદચંદ્ર ઠાકર.

લોક સેવા મહાવિદ્યાલયના લેક્ચરર, પ્રિન્સીપાલ, ગ્રામ સંસ્થાના પ્રિન્સીપાલ, લોક ભારતીના ડિરેક્ટર, ચીફ રેક્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ મેમ્બર, ગ્રામ વિભાગના ડીન જેવા વિવિધ હોદ્દાઓ મળીને લોક ભારતી, સણોસરામાં કુલ ૩૯ વર્ષની દીર્ઘકાલીન સેવા બજાવી ચૂકેલા તથા લોક ભારતી ગ્રામ વિદ્યાપીઠ ટ્રસ્ટ, ગ્રામોત્કર્ષ સંશોધન ઍન્ડ રૂરલ સર્વિસ કેન્દ્ર ટ્રસ્ટ જેવાં ૧૩ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપનારા કુમુદચંદ્ર ઠાકર એ સતત પ્રવૃત્તિઓથી ધબકતું વ્યક્તિત્વ છે.

મૂળ વતન મહેસાણા જિલ્લાના મુજપુર, ૧૯૩૨માં સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા તાલુકાના ધામા ગામે જન્મેલા અને અભ્યાસ પછી નિવૃત્તિ સુધીની જિંદગી લોક ભારતી, સણોસરામાં વિતાવનાર કુમુદભાઈ આજે ૮૩ વર્ષે પણ સતત પ્રવૃત્તિશીલ છે. થોડા સમય પહેલાં તેઓ એક ભયંકર મોટર અકસ્માતમાં ઘવાયા હતા, સ્મૃતિ પણ ચાલી ગઈ હતી પરંતુ મૂળે અંદરથી મજબૂત માણસ એટલે સાજા થઈને રહ્યા.

આજીવન ગાંધી વિચારને વરેલા કુમુદભાઈ શિક્ષણ થકી સેવા કરવાના યજ્ઞનો નક્કર પર્યાય છે. જૂના રાધનપુર સ્ટેટમાં એક કુશળ અને લોકપ્રિય વહીવટદાર-મામલતદાર તરીકે કામગીરી બજાવનાર પિતાજી સ્વ. દયાશંકર ઠાકર અને એવાં જ પીઢ-શાંત-પ્રેમાળ માતાજી સ્વ. નર્મદાબેનનાં સંસ્કાર-શક્તિનો વારસો જે વારસો એમને મળ્યો એ એમણે ઉજાળી જાણ્યો છે.

આ અજવાળામાં સેવાનાં અનેક પુષ્પો ખીલ્યાં છે પરંતુ જે સૌથી તાજું ફૂલ હમણાં ખીલ્યું છે એનું નામ છે જાહેર પુસ્તકાલય. જી હા, કુમુદભાઈએ વાવોલ ગામમાં એક મફત પુસ્તકાલય અને વાચનાલય શરૂ કર્યું છે. ગ્રામ સેવા મંડળ, ફતેપુરના બૅનર તળે તેમણે આદરેલા આ વાચનયજ્ઞમાં તેમને અનેક પુસ્તકપ્રેમી, પ્રવૃત્તિપ્રેમી વ્યક્તિઓનો સહકાર મળ્યો છે. જેમકે, ઉંઝાના વતની અને હાલ અમેરિકામાં સ્થિત સોમાભાઈ પટેલે કબાટ ખરીદવા આર્થિક સહાય કરી, કૅનેડામાં રહેતાં તેમનાં દોહિત્રી રચનાબેને પણ આ માટે સહાય કરી, પુસ્તકોના કોથળા ઉતારવામાં, ફેરવવામાં, ગોઠવવામાં, સફાઈ કરવામાં અમી, પ્રકાશ, જાનુ, પ્રિયાંશુ અને તેમના મિત્રોએ સહાય કરી, પાડોશી રમેશભાઈ પાઠકે પુસ્તકોનું વર્ગીકરણ કરવા પોતાના ઘરનો એક રૂમ અઢી માસ સુધી તેમને સોંપી દીધો, કુમુદભાઈના દીકરા હરેશભાઈએ કબાટ અને કાર્યાલય માટે જરૂરી સ્ટેશનરી લાવી આણી




તો સરઢવ હાઈસ્કૂલના શિક્ષક અને ગાંધીનગરના રહેવાસી પુસ્તકપ્રેમી અશોકભાઈ પટેલે પણ લાયબ્રેરી માટે એક કબાટ ખરીદી આપ્યો.

આ ઉપરાંત જ્યાં પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે તે ઘરના માલિક રાજેન્દ્રભાઈ રાવળ અને તેમનાં પત્ની નીતાબેને તો પોતાના ઘરનો એક રૂમ અને બાલ્કની આ ઉમદા કાર્ય માટે ફાળવી આપ્યાં છે અને કુમુદભાઈને એવી છૂટ પણ આપી છે કે તેઓ જ્યાં સુધી અહીં લાયબ્રેરી ચલાવવા ઈચ્છે ત્યાં સુધી ચલાવી શકે છે.

સારું કામ કરવું હોય તો એના માટે સહાય મળી જ જાય છે એવો દૃઢ વિશ્વાસ ધરાવતા કુમુદભાઈને આટલી બધી મદદ મળ્યા પછી તેમણે પોતાના કલેક્શનમાંથી ૨૩૦૫ પુસ્તકો અને મૅગેઝીન આ લાયબ્રેરીમાં મૂક્યાં અને લાયબ્રેરીનો આરંભ કર્યો. આ પ્રસંગે પણ સાથી વસાહતીઓ અને ખાસ તો સોસાયટીનાં બાળકોનો તેમને સહકાર મળી ગયો. આ જ બાળકો એમની લાયબ્રેરીના પ્રથમ વાચક પણ બની ગયા. 'બાળકોએ તો રંગ રાખ્યો છે' એવું કુમુદભાઈ અને તેમનાં દીકરી અમીબેન ગર્વથી કહે છે.

ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, આત્મકથા, વ્યક્તિ પરિચય, સંસ્થા પરિચય, ખેતી-ગોપાલન, પર્યાવરણ, શિક્ષણ, સ્વાસ્થ્ય, સાહિત્ય, બાળ સાહિત્ય, મહિલા સાહિત્ય, વ્યક્તિત્વ વિકાસ, ગાંધી વિચાર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર અને ગ્રામવિકાસનાં પુસ્તકો કુમુદભાઈના આ પુસ્તકાલયમાં છે. જે કોઈ વ્યક્તિ તે વાંચવા ઈચ્છે તે ત્યાં જ બેસીને વાંચી શકે છે અથવા ઘરે લઈ જવા ઈચ્છે તો રજિસ્ટરમાં એન્ટ્રી કરાવી કોઈપણ જાતનો ચાર્જ આપ્યા વિના ઘરે વાંચવા પણ લઈ જઈ શકે છે, શરત માત્ર એટલી જ કે પંદર દિવસથી વધુ સમય માટે પુસ્તક ઘરે નહીં રાખવાનું.

આસપાસનાં બાળકો અને આજુબાજુની સોસાયટીઓમાં આ પુસ્તકાલયના સમાચાર ફેલાયા છે અને લોકો પુસ્તકો વાંચવા લઈ જાય છે એ વાતનો કુમુદભાઈને આનંદ છે. એથીય વધુ આનંદ એ છે કે એમના જેવા નરબંકાઓ એમને પુસ્તકો ભેટમાંય આપી જાય છે અને આ અનોખા કાર્ય બદલ એમને અભિનંદન પણ આપતા જાય છે. 'આવા લોકોથી મારી હિંમત વધતી જાય છે અને મેં જે કાર્ય કર્યું છે તે યોગ્ય કર્યું છે એવો મારો વિશ્વાસ વધતો જાય છે' એવું કુમુદભાઈ નમ્રતાથી જણાવે છે.

જી-૧, વિજય ઍપાર્ટમેન્ટ, વાવોલ ખાતે આરંભાયેલા આ મફત પુસ્તકાલયનો લાભ લેવો હોય તો તમે પણ લઈ શકો છો. વાચનાલયનો સમય સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪.૩૦ થી ૬.૩૦ તથા પુસ્તકાલયનો સમય સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ અને સાંજે ૬.૩૦થી ૭.૩૦નો રાખવામાં આવ્યો છે. કુમુદભાઈ જાતે જ આ પુસ્તકાલયનું સંચાલન સંભાળે છે. એમણે આદરેલા આ જ્ઞાનયજ્ઞમાં આહૂતિ આપવા કે એમની પીઠ થાબડવાનું મન થાય તો એમનો મોબાઈલ નંબર છે : ૯૪૨૬૫ ૫૬૬૫૧.






# પીજીડીએમ-સી પ્રવેશ પરીક્ષા તારીખમાં અંતે ફેરફાર કરાયા

**ભાવિ ઉમેદવારોની વિનંતીને ધ્યાનમાં લઇને માઇકા દ્વારા પરીક્ષા ૧૩મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે લેવાનો નિર્ણય**

અમદાવાદ, તા.૨૧

સ્ટ્રેટેજીક માર્કેટીંગ અને કોમ્યુનિકેશનમાં નેતૃત્વનાં સર્જન માટે જાણીતી ભારતની ટોચની મેનેજમેન્ટ ઈન્ડિસ્ટિટ્યુટ માઈકાએ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન મેનેજમેન્ટ કોમ્યુનિકેશન (પીજીડીએમ-સી)ની વર્ષ ૨૦૧૬-૧૮ માટેની એડમિશન પ્રક્રિયાની જાહેરાત તા.૧૭ ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ કરી હતી. અગાઉ માઈકા દ્વારા માઈકેટની સિલેકશન પ્રથમ ચરણની તારીખ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૫ રાખવામાં આવી હતી. ભાવિ ઉમેદવારોની વિવિધ વિનંતીઓને ધ્યાનમાં રાખીને માઈકાએ આ પરીક્ષા તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ યોજવાનું નક્કી કર્યું છે. બાકીની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો નથી. આ વર્ષથી પીજીડીએમ-સી ૨૦૧૬માં ઘણાં પરિવર્તનો જોવા મળશે. તેમાં સિલેકશન સાયકલ, એલિજીબીલીટી એક્ઝામ, એપ્ટીટ્યુડ ટેસ્ટ ફોર્મેટ અને ગ્રુપ એકસરસાઈઝ અને પર્સનલ ઈન્ટરવ્યુ સેન્ટર્સ વગેરેનો સમાવેશ થાય છે. પીજીડીએમ-સી ૨૦૧૬-૧૮માં થયેલા પરિવર્તનો અનુસાર આ કોર્સની સિલેકશન પ્રક્રિયા બે વખત યોજાશે. ઉમેદવારોને કેટ ૨૦૧૫, એક્સ એટ ૨૦૧૬ અને જીમેટ (૨૦૧૨થી આગળ)માંથી કોઈપણ એક પરીક્ષા લેવાની રહેશે.

માઈકેટનું કોમ્પ્યુટર આધારિત ફોર્મેટ હશે અને તેની ૧૪ શહેરોમાં પરીક્ષા યોજાશે. ગ્રુપ એક્સરસાઈઝ અને પર્સનલ ઈન્ટરવ્યુનો પ્રથમ તબક્કો બેંગ્લુરુ, દિલ્હી, કોલકત્તા અને મુંબઈ યોજાશે. તેનો બીજો તબક્કો અમદાવાદમાં માઈકા ખાતે યોજાશે. પીજીડીએમ-સીમાં એડમિશન માટે બેચલર્સ ડિગ્રી અથવા એસોસિયેશન ઓફ યુનિવર્સિટીઝ દ્વારા માન્ય સમકક્ષ અભ્યાસ જરૂરી છે.

બેચલર્સ ડિગ્રી અથવા સમકક્ષ અભ્યાસક્રમમાં છેલ્લા વર્ષની પરીક્ષા આપનાર ઉમેદવાર પણ અરજી કરી શકે છે. માઈકાની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરી શકાય છે. તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫થી તેનો આરંભ થશે.